અપીલ અરજી નં.૧૬૪ તા.૧૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૧૦–૬–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના ફાયર વિભાગના અભિપ્રાય વગર આરોગ્ય વિભાગ જરી ગીલીટના ચાલતા એકમોવાળા જે જવલનશીલ પદાર્થોની વપરાશ કરે છે તેવા એકમોવાળાને નવા લાયસન્સ ફાળવી શકે તેમજ જે જરી ગીલીટવાળાને જવલનશીલ પદાર્થોના લાયસન્સ ફાળવેલ હોય તે લાયસન્સો રીન્યુ કરી શકે તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૪/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૧૦–૬–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના ફાયર વિભાગના અભિપ્રાય વગર આરોગ્ય વિભાગ જરી ગીલીટના ચાલતા એકમોવાળા જે જવલનશીલ પદાર્થોની વપરાશ કરે છે તેવા એકમોવાળાને નવા લાયસન્સ ફાળવી શકે તેમજ જે જરી ગીલીટવાળાને જવલનશીલ પદાર્થોના લાયસન્સ ફાળવેલ હોય તે લાયસન્સો રીન્યુ કરી શકે તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવીનારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માંગેલ માહિતી અંગે કાનૂની પરિસ્થિતિ જોગવાઈ મુજબ આધાર સહ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૦ તા.૧૮–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલીય કાર્યવાહી દરમ્યાન વિગતો મળ્યેથી તે અંગે આધાર સહ નારાજગી હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૬૬ તા.૨૮–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૪૩ તા.૨૬–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતમાં માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૧૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે પાઠવેલ પત્રના અનુસંધાને પૂરક વિગતોમાં પણ અરજદારે માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૬૪૩ તા.૨૬–૭–૧૧ થી સમય અવધિ બાદ અપીલ તબકકે " સુરત મહાનગપાલિકાના નાણાકીય સને ૨૦૧૧–૧૨ વર્ષ માટે કોઈ જવલનશીલ પદાર્થો જેવા કે, સેલો, લેકર, સ્પીરીટ, પોટેશીયમ સાઈનાઈટ કેમીકલના પરવાના રીન્યુઅલ કરવામાં આવેલ નથી" તેવું જણાવેલ છે. પરંતુ નવા લાયસન્સ વિશે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી આપેલ જણાતી નથી જે આપવા જોગ થાય.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૦–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ફાયર વિભાગના અભિપ્રાય વિના નવા લાયસન્સ ફાળવી શકે કે કેમ? તે અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ.એમ.પટેલ.,